# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ ખાતે આયોજીત લગ્નગીત સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ માધ્યમિક વિભાગની લગ્નગીત સ્પર્ધા સવારે ૧૦.૦૦ કલાકે તથા ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ. શાળા નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ લગ્નગીત સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ માધ્યમિક શાળાઓના ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ વર્ષથી ઉપરના ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૧૮/૧૨/૨૦૧૮** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

સમાચારયાદી નં.૬૦૯, તા.૦૭/૧૨/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## લગ્નગીત સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. શાળા/સંસ્થાનું નામ અને સરનામું :–

૨. શાળા/સંસ્થાના હોદ્દેદારો કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું (ફોન નંબર–મોબાઈલ નંબર સહિત) :–

૩. વિભાગ :– ☐ માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૨) ☐ ખુલ્લો વિભાગ (૧૮ વર્ષથી ઉપર)

૪. સ્પર્ધામાં ભાગ લેનારની વિગત

| ક્રમ | સ્પર્ધકોના નામ | જન્મતારીખ |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |
| ૬. | | |
| ૭. | | |
| ૮. | | |
| ૯. | | |
| ૧૦. | | |

૪. હરિફાઈ માટે પસંદ કરેલ કૃતિની વિગત :–
(કૃતિની ૨ નકલ અલગ કાગળમાં રજુ કરવાની રહેશે.)

૫. સાથ સંગત સાથેના વાદ્યનું નામ :–

લગ્નગીત સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે. ઉપર જણાવેલી જન્મ તારીખ શાળાના રજીસ્ટર મુજબ સાચી છે અને સ્પર્ધાના નિયમને આધિન છે.

તા. /૧૨/૨૦૧૮.

.......................................
જવાબદાર વ્યકિતની સહી

# સુરત મહાનગરપાલિકા

## લગ્નગીત સ્પર્ધાના નિયમો

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ માધ્યમિક વિભાગની લગ્નગીત સ્પર્ધા સવારે ૧૦.૦૦ કલાકે તથા ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ. શાળા નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. આ સ્પર્ધામાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાઓના ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ વર્ષથી ઉપરના ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકશે.

૨. એક શાળા/સંસ્થામાંથી એક જ ગાયક વૃંદ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. ગાયકવૃદમાં ઓછામાં ઓછા સાત અને વધુમાં વધુ દસ વિદ્યાર્થી/વ્યકિતઓ ભાગ લઈ શકશે.

૩. તા.૦૧/૧૨/૨૦૧૮ના રોજ થતી ઉંમર મુજબ હરીફોની ઉંમર ધ્યાનમાં લેવામાં આવશે. હરીફોની ઉંમરના પુરાવા તરીકે પ્રવેશ ફોર્મ સાથે ઉંમર અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૪. પ્રવેશ ફોર્મ સાથે પસંદ કરેલ ગીતની કૃતિ બે નકલમાં સામેલ કરવાની રહેશે.

૫. લગ્નગીત સિવાયના ગીતની કૃતિ હશે, તો તે શાળા/સંસ્થાની કૃતિ રદ ગણાશે.

૬. ગીતની કૃતિ ગુજરાતી ભાષામાં હોવી જોઈએ. કૃતિની સમય મર્યાદા ૭(સાત) મીનીટની રહેશે.

૭. સાથ સંગતમાં ઓછામાં ઓછા ત્રણ વાજીંત્રોનો ઉપયોગ કરી શકાશે. ઈલેકટ્રોનિક સાધનોનો ઉપયોગ કરી શકાશે. વાજીંત્ર વગરની કૃતિ રદબાતલ ગણાશે.

૮. સ્પર્ધામાં ભાગ લેનાર હરિફોએ સ્પર્ધાના સ્થળે પોતાના ખર્ચે નકકી કરેલા સમયે હાજર થવાનું રહેશે. મોડા આવનાર સ્પર્ધકોને સ્પર્ધામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૯. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં.

૧૦. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

Sd/-xxx
આસી.મ્યુનિ.કમિશનર
સુરત મહાનગરપાલિકા.

**નોંધ:** ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે **તા.૧૮/૧૨/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે.** ત્યારબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે સ્પર્ધા સ્થળ **સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત** ખાતે સમયસર હાજર થવાનું રહેશે.